# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-03-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ધૂળેટી પર્વ :

રંગ અને ગુલાલનાં ધૂળેટી પર્વ ની આજે ઉમેંગ ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે હોલિકા દહન પછી ગઈ કાલે ચંદ્રગ્રહણ ને કારણે એક દિવસ ના વિરામ પછી આજે સવારથી જ લોકો રંગ ગુલાલ પર્વની ઉજવણી કરી રહ્યા છે. રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં લોકો એકબીજા પર રંગ છાંટી ઉત્સવ મનાવી રહ્યા છે. જિલ્લાના મુખ્ય શહેરોમાં સવારના ભાગે મોટી સંખ્યામાં યુવાનો જાહેર માર્ગો પર નીકળી પડયા હતા અને એકબીજાને રંગીને રંગોત્સવ મનાવ્યો હતો. ભુજ શહેરના હમીરસર રોડ પર આજે સવારે મોટી સંખ્યામાં લોકોએ રંગ ગુલાલ પર્વની ઉજવણી કરી હતી.દરમ્યાન ગઈ કાલે ગ્રહણ વચ્ચે દ્વારકા ડાકોર સહિત ઘણાં કૃષ્ણ મંદિરોમાં ફૂલ ડોલ ઉત્સવ ઉજવાયો હતો.

-----------------------------------------------------------------------------------

## ગ્લોબલ ગુજરાતી એવોર્ડસ :

આગામી 7 અને 8 માર્ચના સફેદ રણમાં ગ્લોબલ ગુજરાતી એવોર્ડ સમારોહનું આયોજન થવાનું છે. રાજ્યના નામાંકિત કલાકારો સમક્ષ કચ્છની કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક પ્રતિભા ઉજાગર થશે. ગ્લોબલ ગુજરાતી એવોર્ડ સમારોહ કચ્છી પ્રતિભાઓને મજબૂત મંચ પૂરો પાડશે. ધોરડો સફેદ રણ ખાતે આયોજિત બે દિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે જીલ્લાની ભાતીગળ સંસ્કૃતિને દર્શાવતો કાર્યક્રમ રજૂ થશે, તો બીજા દિવસે 40થી વધુ કેટેગરીમાં એવોર્ડ એનાયત થશે. જીલ્લામાં પ્રથમવાર આયોજિત થનારા એવોર્ડ ફંક્શન સમારોહમાં ગુજરાતી ફિલ્મ

ઇન્ડસ્ટ્રીઝના 40થી વધુ કલાકારો ઉપસ્થિત રહી પોતાનું પરફોર્મન્સ પણ કરવાના છે. ઉપરાંત જીલ્લાની છ પ્રતિભાનું પણ વિશેષ બહુમાન થશે.

---------------------------------------------------------------------------------

## સિંચાઈના ડેમોમાં પાણીનું સ્તર :

ગુજરાતમાં ગરમીની હજુ તો શરૂઆત જ થઈ છે ત્યાં કચ્છ જિલ્લાના મધ્યમ સિંચાઈના ડેમોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટવા લાગ્યું છે. જિલ્લાના 20 ડેમોમાં હાલમાં માત્ર 39.81 ટકા જ જળ સંગ્રહ બચ્યો છે. માર્ચ મહિનામાં જ આવી સ્થિતિ સર્જાવાને કારણે આગામી ચાર મહિનામાં જળ સંકટ ઘેરું બનવાની પૂરી આશંકા છે, કારણ કે ચોમાસું હજુ ઘણું દૂર છે. રાજ્યના પાંચ ઝોનમાંથી સૌથી ઓછું જળસ્તર કચ્છમાં નોંધાયું છે. જ્યાં મધ્ય ગુજરાતના ડેમોમાં 80 ટકા અને દક્ષિણ ગુજરાતમાં 79 ટકા પાણી ઉપલબ્ધ છે, ત્યાં કચ્છ 40 ટકાથી પણ નીચે આવી ગયું છે. ઉત્તર ગુજરાતમાં 62 ટકા અને સૌરાષ્ટ્રમાં 60 ટકા જળરાશિ મોજૂદ છે.

આંકડાઓ મુજબ, કચ્છના 20 ડેમોની કુલ 325.26 મિલિયન ક્યુબિક મીટરની ક્ષમતા સામે હવે માત્ર 129.50 મિલિયન ક્યુબિક મીટર પાણી જ બાકી છે. જિલ્લાના પાંચ મુખ્ય ડેમ—કાલિયા, રુદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ—સંપૂર્ણપણે ખાલી થવાના આરે છે. આ ડેમોમાં હવે 20 ટકાથી પણ ઓછું પાણી બચ્યું છે, જેના કારણે તે સુકાઈ જવાની સ્થિતિમાં પહોંચી ગયા છે.

---------------------------------------------------------------------------------

## માતૃભાષા મહોત્સવની ઉજવણી :

કચ્છ યુનિવર્સિટી એક્સટેન્શન સેન્ટર ગઢશીશા ખાતે માતૃભાષા મહોત્સવ અંતર્ગત વાચિકમનું આયોજન કરાયું હતું. જેમાં વક્તા તરીકે કચ્છી યુવા ગૌરવ પુરસ્કાર વિજેતા નયનાબેન ચારણીયા અને વિશ્વા ગોસ્વામી રહ્યા હતા.

અત્રે ઉલ્લેખ્નીય છે કે યુનિવર્સિટી દ્વારા ગઢસીસા ઉપરાંત પાનધ્રો, ખાવડા, ધોળાવીરા અને આડેસર એમ પાંચ જગ્યાએ એક્સટેન્શન સેન્ટરો કાર્યરત છે અને તેમાં 450 વિદ્યાર્થીનિઓ

કોલેજનો અભ્યાસ કરી રહી છે આ કાર્યકમ્ર માં ગઢસીસા હાઈસ્કૂલમાં ધોરણ 12 ના પરીક્ષા કેન્દ્રની મંજૂરી મળવાની ખુશી વ્યક્ત કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## સાઉન્ડ મેડીટેશન સેશનનું આયોજન :

જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ માટે કલેક્ટર આનંદ પટેલનાં માર્ગદર્શન અને પ્રેરણાથી ભુજ ખાતે એક વિશેષ ‘સાઉન્ડ મેડિટેશન સેશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી કામકાજ અને જવાબદારીઓ વચ્ચે અધિકારીઓ તણાવમુક્ત રહી શકે અને તેમની કાર્યક્ષમતામાં વધારો થાય તે આશયથી આ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. થેરાપ્યુટિક સાઉન્ડથી ‘ડીપ રેસ્ટ’, ધ્વનિ તરંગોની મદદથી શરીરના તણાવને દૂર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે દૈનિક વહીવટી કામગીરી અને સતત વ્યસ્તતા વચ્ચે 'સાઉન્ડ મેડિટેશન' જેવાં આયોજનો શારીરિક-માનસિક સમતુલા જાળવવા તેમજ નવી ઊર્જાનો સંચાર કરવા માટે મદદરૂપ બને છે. ક્લેક્ટરની એ અનોખી અને સ્વાસ્થ્યલક્ષી પહેલને જિલ્લાનાના તમામ અધિકારીઓએ બિરદાવી હતી.

---------------------------------------------------------------------------------------

## મહિલા સશક્તિકરણની ઉજવણી :

એન્ટરપ્રિન્યોર દિવા'સ દ્વારા મહિલા સશક્તિકરણની ઉજવણી અંતર્ગત 100 પ્રગતિશિલ મહિલાની ઉપસ્થિતિમાં બોસ લેડી રિટ્રીટનું આયોજન ભુજ ખાતે કરાયું હતું.

આ અંતર્ગત યોજાયેલાં વિવિધ સત્રોમાં મહિલાઓના વિકાસ, ઇમેજ સ્ટાઇલિંગ, આર્થિક જાગૃતિ, હેલ્થ અને વેલનેસ પર માર્ગદર્શન અપાયું હતું. મહિલાઓએ સાથે મળી પોતાનો હોમમેડ બિઝનેસ શરૂ કરવાની પ્રેરણા અને દિશા પ્રાપ્ત કરી હતી. બિઝનેસ ક્લેરિટી, આત્મવિશ્વાસ, આર્થિક સ્વતંત્રતા અને મજબૂત સપોર્ટ સિસ્ટમ તરફ પ્રેરિત કરવાના હેતુથી  આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

---

## <u>ક્રિકેટ :</u>

ICC પુરુષ T20 વિશ્વકપમાં, આજે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે પહેલી સેમિફાઇનલ મેચમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત આવતીકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે બીજી સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે. આ બંને મેચના વિજેતાઓ 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે.

---